ઉજ્જૈનની હોટેલમાં વેસ્ટ ચેમ્બર સાફ કરતા ચારનાં શંકાસ્પદ મોત

ઉજ્જૈન, તા. 1 (PTI): મધ્ય પ્રદેશના ઉજ્જૈન શહેરમાં આવેલી એક ખાનગી હોટેલમાં વેસ્ટ ચેમ્બર (કચરાની ટાંકી) સાફ કરતી વખતે ગૂંગળામણને કારણે 4 લોકોનાં મોત થયાં છે. તેમ પોલીસે રવિવારે જણાવ્યું હતું. શનિવારે મોડી રાત્રે બનેલી આ ઘટના બાદ તેમને બચાવવા માટે ટાંકીમાં ઊતરેલા અન્ય 2 અન્ય પણ બીમાર પડ્યા હતા.

સપાના આઝમ ખાન 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં

ગાઝિયાબાદ (યુપી), તા. 1 (પીટીઆઈ):એક ખાસ ગાઝિયાબાદ કોર્ટે રવિવારે સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. ખાનના વકીલ દાનિશ અલીએ પત્રકારોને જણાવ્યું હતું કે, એસપીના વરિષ્ઠ નેતાને જૌહર ટ્રસ્ટ સંબંધિત મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં ખાસ ગાઝિયાબાદ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. આ આદેશ ખાસ કોર્ટના જજ અવનીશ કુમાર પાંડે દ્વારા આપવામાં આવ્યો હતો.

મણિપુરના નોનીમાં હરીફ જૂથો વચ્ચેના ગોળીબારમાં ત્રણના મોત

ઇમ્ફાલ, તા. 1 (પીટીઆઈ): મણિપુરના નોની જિલ્લામાં હરીફ સશસ્ત્ર જૂથો વચ્ચે થયેલા ગોળીબારમાં કૂકી સમુદાયના ત્રણ લોકોનાં મોત થયાં છે. આ ગોળીબાર શનિવારે સવારે કેકુ નાગા ગામ ખાતે શરૂ થયો હતો.

ડલ્લાસમાં ગોળીબારની ઘટનામાં ચારના મોત, 15 ઘાયલ

ડલ્લાસ, તા. 1: ડલ્લાસના એક વિસ્તારમાં અલગ-અલગ ગોળીબારની ઘટનાઓમાં ચાર લોકોનાં મોત થયાં છે અને 15 લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસ ચીફ ડેનિયલ કમોક્સે જણાવ્યું હતું કે, ડીપ એલમ વિસ્તારમાં થયેલા ગોળીબાર એકબીજા સાથે જોડાયેલા હતા કે કેમ તે નક્કી કરવા માટે પોલીસ હજી પણ પ્રયાસ કરી રહી છે.

ફ્રાન્સ સહિત યુરોપિય દેશોમાં સતત ત્રીજા વીકએન્ડમાં વિરોધ પ્રદર્શનો





■ જીવન નિર્વાહના ખર્ચ અને શિક્ષણ બાબતે ફ્રાન્સમાં શનિવારે સતત ત્રીજા સપ્તાહના અંતે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓથી પ્રેરિત થઈને હજારો પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. જર્મની અને પોર્ટુગલ સહિત યુરોપના અન્ય ભાગોમાં પણ યુવાઓની આગેવાનીમાં વિરોધ પ્રદર્શનો યોજાયા હતા. ફ્રાન્સના વિરોધ પ્રદર્શનો મોટે ભાગે શાંતિપૂર્ણ રહ્યા હતા, જેમાં રમુજી હેલોવીન પોશાકોએ વાતાવરણને હળવું બનાવ્યું હતું, પરંતુ પેરીસ અને અન્ય શહેરોમાં ભેગા થયેલા લોકોની ભીડનો અંત નાના જૂથો દ્વારા હિંસા અને ટીયર ગેસના ધુમાડા વચ્ચે થયો હતો.

પરીક્ષા સુધારણા સમિતિનો કાર્યકાળ લંબાવાયો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): કેન્દ્ર સરકારે પરીક્ષા સુધારણા પર કામ કરી રહેલી નંદન નિલેકણીની આગેવાની હેઠળની ટાસ્ક ફોર્સનો કાર્યકાળ જાન્યુઆરી 2027 સુધી લંબાવ્યો છે. 25 જુલાઈના રોજ દિલ્હીના જંતર મંતર પર વિદ્યાર્થીઓના ભારે વિરોધ પ્રદર્શન બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ છ સભ્યોની આ ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી. જુલાઈમાં રચાયેલી આ ટાસ્ક ફોર્સને વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શૈક્ષણિક સંસ્થાઓ, વિષય નિષ્ણાતો, ઉદ્યોગ સંસ્થાઓ અને પરીક્ષા યોજતી સંસ્થાઓ પાસેથી 50,000થી વધુ સૂચનો મળ્યા છે.

વૉલ સ્ટ્રીટ જર્નલ સામે ટ્રમ્પે દાખલ કરેલો દાવો અદાલતે ફગાવી દીધો

એપ્સ્ટેઇન સાથેના ટ્રમ્પના સંબંધો અંગેના અહેવાલ પછી ટ્રમ્પે આ અખબાર અને તેના માલિક રૂપર્ટ મર્ડોક સામે ૧૦ અબજ ડોલરનો બદનક્ષીનો દાવો માંડ્યો હતો

માયામીની કોર્ટે દાવો ફગાવતા કહ્યું કે પ્રમુખ તણખાના સહારે તરી જવાનો પ્રયાસ કરે છે

માયામી, ૧ નવેમ્બર (AP) પ્રમુખ તણખાના સહારે તરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમ કહીને, એક ફેડરલ જજે શનિવારે ડોનાલ્ડ ટ્રમ્પનો ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને મીડિયા દિગ્ગજ રુપર્ટ મર્ડોક સામેનો 10 અબજ ડૉલરનો માનહાનિનો દાવો રદ્દ કરી દીધો છે. જેફ્રી એપ્સ્ટેઈન સાથેના તેમના સંબંધો અંગેના એક અહેવાલને લઈને આ કેસ કરવામાં આવ્યો હતો.

માયામીમાં અમેરિકી ડિસ્ટ્રિક્ટ જજ ડારિન ગેલ્સે આ કેસને કાયમ માટે ફગાવી દીધો છે, અને ચુકાદો આપ્યો છે કે રાષ્ટ્રપતિ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયા કે પ્રતિવાદીઓએ કાયદા અનુસાર 'વાસ્તવિક દાનત' સાથે બદનક્ષીભર્યા નિવેદનો આપ્યા હતા. ચુકાદામાં જણાવવામાં આવ્યું છે કે મુકદ્દમામાં જર્નલના તપાસાત્મક અહેવાલોમાં ખામીઓ "ઉભી કરવાનો" પ્રયાસ કરવામાં આવ્યો હતો. જ્યારે કોઈ કેસ "with prejudice"(કાયમ માટે) ફગાવી દેવામાં આવે છે, ત્યારે તેને ફરીથી દાખલ કરી શકાતો નથી અને તે નિકાલ કાયમી તથા વિવાદમુક્ત બને છે.

પ્રવેશ નિયંત્રણોના પ્રથમ દિવસે દિલ્હીની બોર્ડરો પર વાહનોની લાંબી લાઈનો

શિયાળામાં પ્રદૂષણ નિયંત્રણ માટે દિલ્હીમાં બીએસ-VI ઉત્સર્જન ધોરણો ન ધરાવતા વાહનોને પ્રવેશબંધી કરાઇ છે

પહેલા દિવસે દિલ્હીના પ્રવેશ બિંદુઓ પર સખત ચેકિંગ હાથ ધરાયું, અનેક વાહનોને દંડ કરાયો, કેટલાકને પાછા મોકલાયા

નવી દિલ્હી, ૧ નવેમ્બર (PTI): રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં રવિવારથી વાહન પ્રવેશ નિયંત્રણોનો પ્રથમ દિવસ લાંબી વાહનોની કતારો, વારંવારની



ચકાસણી અને પરેશાન થયેલા મુસાફરો સાથે શરૂ થયો હતો.

બીએસ-VI ઉત્સર્જન ધોરણો ન ધરાવતા વાહનોને અનેક આંતરરાજ્ય સરહદો પર રોકવામાં આવ્યા હતા, જેના કારણે દિલ્હીને હરિયાણા અને ઉત્તર પ્રદેશ સાથે જોડતા માર્ગો પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. શિયાળાની પ્રદૂષણ નિયંત્રણ યોજનાના ભાગરૂપે આ પ્રતિબંધો ૧ નવેમ્બરથી અમલમાં આવ્યા છે. નવી વ્યવસ્થા હેઠળ, દિલ્હીની બહાર નોંધાયેલા અને બીએસ-VI ઉત્સર્જન ધોરણોનું પાલન ન કરતા પેટ્રોલ અને ડીઝલ વાહનોના રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઇલેક્ટ્રિક અને સીએનજી (CNG) વાહનો તેમજ બીએસ-VI સુસંગત વાહનોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ અમલીકરણ દિલ્હીના પરિવહન અને પર્યાવરણ વિભાગ તેમજ ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે.

બિહારમાં બે અપક્ષ MLC ભાજપમાં જોડાતા વિવાદ

ભાજપ પર પ્રહારો કરીને રાજદ સહિતના વિપક્ષની બંને એમએલસીને ગેરલાયક ઠેરવવા માગ

પટના, તા. ૧(PTI): બિહારમાં તાજેતરમાં ચૂંટાયેલા બે અપક્ષ એમએલસી દ્વારા ભાજપમાં જોડાઈ ગયાની જાહેરાત કરવામાં આવ્યાના એક દિવસ પછી, રવિવારના રોજ શાસક પક્ષ પર વિપક્ષ દ્વારા પ્રહાર કરવામાં આવ્યો હતો અને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ બંને ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરવામાં આવી હતી. બંસીધર બ્રજવાસી, અને ભાજપના બળવાખોર રાહુલ રાજ બેઠક એનડીએના ઘટક પક્ષ જેડીયુને ફાળવવામાં આવી હતી ત્યાંથી અપક્ષ તરીકે ચૂંટણી લડીને સારણ ટીચર્સ બેઠક જીત્યા હતા - તેમણે શનિવારે સાંજે કેસરિયા પક્ષના ધારાસભ્યોની બેઠકમાં પહોંચીને આ જાહેરાત કરી હતી.







પેજ 3

અમિતાભ બચ્ચને બુલેટપ્રૂફ કાચ પાછળ રહીને ચાહકોનું અભિવાદન સ્વિકાર્યું



મુંબઇ, તા. 01 : બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન દર રવિવારની જેમ આજે પણ પોતાના ચાહકોને મળ્યા હતા પણ આ વખતે એક મોટા ફેરફારમાં તેઓ બુલેટપ્રુફ કાચ પાછળ ઊભેલા જોવા મળ્યા હતા. અમિતાભ છેલ્લા ઘણા વર્ષોથી પોતાના બંગલા 'જલસા' ખાતે પોતાના ચાહકોને મળવાની પરંપરાનું પાલન કરી રહ્યા છે. જોકે, આ રવિવારે તેમણે બુલેટપ્રુફ કાચના ડબ્બામાં ઉભા રહીને પોતાના ચાહકોનું અભિવાદન સ્વીકારતા જોવા મળ્યા. તે સમયે તેમનો પુત્ર અભિષેક બચ્ચન તેમની બાજુમાં પડછાયાની જેમ ઉભો જોવા મળ્યો હતો. તાજેતરના ધમકીઓ અને સુરક્ષા કારણોસર તેમણે આવું કર્યું હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

પ્રિયંકા ચોપડાની પુત્રી માલતી હેલોવીનમાં બની 'ઘોસ્ટ પ્રિન્સેસ'



લોસ એન્જિલસ, તા. 01 : આ વર્ષે હેલોવીનના પ્રસંગે પ્રિયંકા ચોપડા અને નિક જોનાસે ખૂબ જ ખાસ અંદાજમાં ઉજવણી કરી છે. એકટ્રેસે જ્યાં કાઇલી જેનરના પ્રખ્યાત 'કિંગ કાઇલી' લુકને રીક્રિએટ કર્યો, ત્યાં જ નિક કાઉબોય બન્યો હતો અને તેમની પુત્રી માલતી મેરી 'ઘોસ્ટ પ્રિન્સેસ'ના કોસ્ચ્યુમમાં જોવા મળી હતી. ખાસ કરીને લોકોનું ધ્યાન નાની માલતીની ક્યૂટનેસ પર ગયું અને ફેન્સે તેના સુંદર અંદાજનાં ભરપૂર વખાણ કર્યાં હતાં. પ્રિયંકાએ પરિવારની આ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતાં આ ખાસ પ્રસંગને 'દિવાલોવીન' નામ આપ્યું છે.

પંજાબમાં ઊભેલા ટ્રેક્ટર સાથે કાર અથડાતાં હની સિંહના ભત્રીજા સહિત 2નાં મોત



જાલંધર, તા. 1 : ગાયક યો યો હની સિંહનો ભત્રીજો અને પંજાબી મ્યુઝિક કંપની 'સ્પીડ રેકોર્ડ્સ'ના માલિક દિનેશનો પુત્ર દિત ઓલક અને તેનો મિત્ર રવિવારે વહેલી સવારે બર્થ-ડે પાર્ટીમાંથી ઘરે પરત ફરતી વખતે પોલીસ લાઇન્સ વિસ્તાર નજીક આવેલા ફ્લાયઓવર પર તેમની ફોક્સવેગન કાર રસ્તા પર પાર્ક કરેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાતા બંનેના મોત નીપજ્યા હતા.